**GUJARAT BILL NO. 3 OF 2026.**

# THE SAURASHTRA GHARKHED, TENANCY SETTLEMENT AND AGRICULTURAL LANDS (GUJARAT AMENDMENT) BILL, 2026.

***A BILL***

*further to amend the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949.*

**સન ૨૦૨૬ નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૩ .**

# સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬.

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો. ૨. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭૫ ને બદલે, નીચેની કલમ મૂકવી :- સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧માની કલમ ૭૫ નો સુધારો.

તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર હોય તેવી જમીનનો નિકાલ કરવા બાબત.

"૭૫. કલેક્ટરને, આપમેળે અથવા આવી જમીનમાં હિતસંબંધ ધરાવતી કોઈ વ્યક્તિની અરજી પરથી, એમ માનવાને કારણ હોય કે,-

(ક) જેની (જમીનની) તબદીલી, પક્ષકારોના કાર્યથી અથવા કાયદાના અમલથી, આ વટહુકમની જોગવાઈઓ હેઠળ ગેરકાયદેસર હોય,

(ખ) જેનો (જમીનનો) વહીવટ, સદરહુ જોગવાઈઓ હેઠળ (પોતાના હસ્તક)લેવામાં આવ્યો હોય, અથવા

(ગ) સદરહુ જોગવાઈઓ હેઠળ જેનો (જમીનનો) ઉપયોગ અને ભોગવટો કરવાને, પોતે હકદાર ન હોય અને તેવી વ્યક્તિઓને (જમીન) ખાલી કરાવવા માટે, સદરહુ જોગવાઈઓથી, જોગવાઈ કરવામાં આવી ન હોય, એવી કોઈ જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય, તો

આવી જમીનનો નિકાલ, નીચેની રીતે કરવામાં આવશેઃ-

(૧) કલેક્ટર-એ તબદીલી કરનાર, તબદીલીથી લેનાર અથવા યથાપ્રસંગ, આવી જમીન સંપાદિત કરતી વ્યક્તિને, તબદીલી અથવા સંપાદન, ગેરકાયદેસર હોવાનું શા માટે જાહેર ન કરવું જોઈએ, તે અંગેનું કારણ દર્શાવવા નોટિસ આપવી જોઈશે અને જમીનની તબદીલી અથવા સંપાદન, કાયદેસર છે અથવા નહિ તે અંગે નિર્ણય કરવો જોઈશે;

(૨) આવી તપાસ યોજ્યા પછી, કલેક્ટર, એવા નિર્ણય પર આવે કે જમીનની તબદીલી અથવા સંપાદન, ગેરકાયદેસર છે, તો તેઓ તબદીલી અથવા સંપાદનને, ગેરકાયદેસર હોવાનું જાહેર કરતો હુકમ કરશે સિવાય કે આવી તબદીલી અથવા સંપાદનના પક્ષકારો, કલેક્ટર નક્કી કરે તેવી તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, લેખિતમાં બાંયધરી આપે કે તે જમીનમાંના હક અને હિતસંબંધ સહિતની જમીન, તબદીલી અથવા સંપાદનના તરત પહેલાં, તે

(જમીન) જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવી જોઈશે અને જમીન તે મુદતની અંદર તેવી રીતે પુનઃસ્થાપિત કરવી જોઇશે;

(૩) કલેક્ટર દ્વારા કરવામાં આવેલી જાહેરાત પરથી, રાજ્ય સરકારમાં જમીન નિહિત થયાની તારીખે, તેના (જમીન) પરના કાયદેસર રીતે અસ્તિત્વ ધરાવતા તમામ બોજામાંથી મુક્ત હોય તેવી જમીન, રાજ્ય સરકારમાં નિહિત થયેલી હોવાનું ગણાશે અને રાજ્ય સરકારમાં નિહિત થયેલી જમીન તરીકે તેનો નિકાલ કરવામાં આવશે.''.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૫-ક-માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ, સન ૨૦૧૫ ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખથી અમલમાં આવે તેમ મૂકી હોવાનું ગણાશેઃ- સન૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧માની કલમ ૭૫-ક-નો સુધારો.

"(૨) કલેક્ટર એવા નિર્ણય પર આવે કે આવી જમીનની તબદીલી, કાયદેસર નથી, તો ત્યાર પછી, તેમણે,-

(૧) જેની તરફેણમાં આવી જમીનની કાયદેસર રીતે તબદીલી કરવામાં આવી ન હોય, તેવી વ્યક્તિ અથવા સંસ્થા પર આવી જમીનની પ્રવર્તમાન જંત્રી (કિંમતની) રકમ કરતાં ત્રણ ગણી રકમનો દંડ નાખતોઃ અને

(૨) જેની તરફેણમાં આવી જમીનની કાયદેસર રીતે તબદીલી કરવામાં આવી ન હોય તેવી વ્યક્તિ અથવા સંસ્થાને, આવા હુકમ (કર્યા)થી એક મહિનાની મુદતની અંદર, તે જમીનમાંના હક અને હિતસંબંધ સહિતની તે જમીન, આવી તબદીલીની તરત પહેલાં તે (જમીન) જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવા આદેશ કરતો, તદનુસાર હુકમ કરવો જોઈશે.".

# ઉદ્દેશો અને કારણો

હાલમાં, રાજ્યમાં ગણોત વહીવટને લગતા ત્રણ જુદા જુદા કાયદા અમલમાં છે. ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારમાં, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અમલમાં છે, ગુજરાત રાજ્યના કચ્છ ક્ષેત્રમાં, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ અમલમાં છે, જ્યારે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અમલમાં છે.

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૭૫ સુધારવાનું જરૂરી જણાયું છે કે જેથી કરીને કોઇ વ્યક્તિ, જે જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય તેવી જમીન, રાજ્ય સરકારમાં નિહિત થયાની તારીખે, તેના (જમીન) પરના કાયદેસર રીતે અસ્તિત્વ ધરાવતા, તમામ બોજામાંથી મુક્ત હોય એવી જમીન, રાજ્ય સરકારમાં નિહિત કરીને, તેના (જમીનના) નિકાલ માટેની જોગવાઇ કરી શકાય. વિધેયકની કલમ ૨ થી, તે માટેની જોગવાઇ કરી છે.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈઓને અનુરૂપ સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમની કલમ ૭૫ ક સુધારવાનું પણ જરૂરી જણાયું છે. વિધેયકની કલમ ૩ થી, તે માટેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ સુધારવા ધાર્યું છે.

તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬. ભૂપેન્દ્ર પટેલ.

<u>પુરવણી</u>

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧-મા)માંથી ઉતારા.

---

સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરીને જમીન ખાલી કરાવવા બાબત.

**૭૫.** જે કોઈ વ્યક્તિ-

(ક) જે જમીનની તબદીલી પક્ષકારના કાર્યથી અથવા કાયદાના અમલથી આ વટહુકમની જોગવાઈઓ મુજબ ગેરકાયદેસર હોય;

(ખ) સદરહુ જોગવાઈઓ હેઠળ જે કોઈ જમીનનો વહીવટ સરકાર હસ્તક લેવામાં આવ્યો હોય;અથવા

(ગ) સદરહુ જોગવાઈઓ હેઠળ જેનો ઉપયોગ અને ભોગવટો કરવાને પોતે હકદાર ન હોય તેવી કોઈ જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય અને તેવા વ્યક્તિઓને જમીન ખાલી કરાવવા માટે સદરહુ જોગવાઈઓથી જોગવાઈ કરી ન હોય,

તો તે વ્યક્તિને કલેકટર સંક્ષિપ્ત કાર્યવાહી કરીને જમીન ખાલી કરાવી શકશે.

કલમ ૫૪ ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જમીન તબદીલ કરવા માટે તબદીલીથી લેનારને દંડ કરવા બાબત

**૭૫ ક.(૧)** XXX XXX XXX

(૨) કલેક્ટર એવા નિર્ણય પર આવે કે આવી જમીનની તબદીલી કાયદેસર નથી, તો પછી તેમણે (કલેક્ટરે), જેની તરફેણમાં આવી જમીન કાયદેસર રીતે તબદીલ કરવામાં આવી ન હોય, તેવી વ્યક્તિ અથવા સંસ્થા ઉપર આવી જમીનની પ્રર્વતમાન જંત્રીની કિંમતની રકમથી ત્રણ ગણી રકમનો દંડ નાખતો હુકમ કરવો જોઇશે.

**સ્પષ્ટીકરણ.**- આ વટહુકમના હેતુઓ માટે ''જંત્રી'' એ શબ્દપ્રયોગ એટલે રાજય સરકાર વખતોવખત નક્કી કરે તેવો મૂળ બજાર કિંમતનો સૂચકાંક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩ .]**

**સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

**[શ્રી ભૂપેન્દ્ર પટેલ, મુખ્ય મંત્રીશ્રી]**

**(સન ૨૦૨૬ના ફેબ્રુઆરી મહિનાની ૧૩મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ચેતન પંડ્યા,**
સચિવ,
ગુજરાત વિધાનસભા.